## ૧૬ : માધ્યસ્થ્ય અષ્ટક : શ્લોક-૧

(સ્થીયતામ્ + અન + ઉપાલમ્ભં) (મધ્યસ્થેન + અંતરાત્મના)

સ્થીયતામનુપાલમ્ભં, મધ્યસ્થેનાન્તરાત્મના
કુતર્કકર્કરક્ષેપૈઃ, ત્યજ્યતાં બાલચાપલમ્ (૧)

<u>શબ્દાર્થ</u>: સ્થીયતામ્ = રહો, અનુપાલમ્ભં = ઉપાલંભ ન આવે એવી રીતે, મધ્યસ્થેન = મધ્યસ્થતાપૂર્વક, રાગ-દ્વેષ રહિત થઈને; અંતરાત્મના = અંતરાત્મા થઈને; કુતર્કકર્કરક્ષેપૈઃ = કુતર્ક રૂપી કાંકરા નાંખવાથી; ત્યજ્યતાં = ત્યાગ કરો; બાલચાપલમ્ = બાલ્યાવસ્થાની ચપળતાનો, છોકરમતનો, બાલચેષ્ટાનો

<u>શ્લોકાર્થ</u>: શુદ્ધ અંતરંગ પરિણામે (અંતરાત્મા થઈને), માધ્યસ્થ થઈને, ઉપાલંભ ન આવે તેવી રીતે રહો. કુતર્કરૂપી કાંકરા નાંખવાની બાલ્યાવસ્થાની ચપળતાનો (બાલચેષ્ટાનો) ત્યાગ કરો.

<u>ભાવાર્થ</u>: 'મધ્ય' શબ્દનો અર્થ છે "વચ્ચે" "સ્થ" એટલે સ્થિત (રહેવું). મધ્યસ્થ એટલે વચ્ચે રહેવું કોઈપણ વિષયમાં પરસ્પર વિરૂદ્ધ બે અંતિમ છેડા હોય ત્યારે કોઈપણ એક બાજુ ન ઢળતાં વચ્ચે રહેવું તે મધ્યસ્થતા કહેવાય છે.

આધ્યાત્મિક જગતનો વિચાર કરીએ તો પરસ્પર વિરૂદ્ધ બે મોટા તત્ત્વો તે રાગ અને દ્વેષ છે. ન રાગ બાજુ ઢળવુ, કે ન દ્વેષ બાજુ ઢળવું તે મધ્યસ્થતા છે. અનાદિકાળથી જીવ આસક્તિ અને અપેક્ષાના કારણે રાગ-દ્વેષ કરતો આવ્યો છે. પુદ્ગલ પ્રત્યે તેને આસક્તિ રહે છે. જ્યાં આસક્તિ (attachment) હોય ત્યાં રાગ હોય. પરિણામે તેનાથી વિપરીત પદાર્થ કે પરિસ્થિતિ પ્રત્યે એને અભાવ, અણગમો, દ્વેષ થાય છે. એને સુગંધ ગમે છે, દુર્ગંધ ગમતી નથી. યૌવન ગમે છે, વૃદ્ધાવસ્થા ગમતી નથી. મિત્રો ગમે છે દુશ્મનો ગમતા નથી. એને જીવન ગમે છે, મૃત્યુ ગમતું નથી.

જો મધ્યસ્થતા કેળવવી હોય તો પહેલા અંતર્મુખ બનવું પડશે, એટલે કે અંતરાત્મામાં ઉતરવું પડશે. એમ કરવાથી ક્રમે ક્રમે શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી એ સમજશે, પરિણામે રાગ-દ્વેષ ઓછા થશે અને

આત્માના સ્વાભાવિક ગુણોમાં રમણતા એજ મધ્યસ્થતા છે.

મધ્યસ્થતા આવશે. મૈત્રી, પ્રમોદ અને કરુણા એ ત્રણ ભાવનાનો વિકાસ થાય તો માધ્યસ્થ ભાવના આવે જ.

પરમાત્માની દેશનામાં એવો ઉત્કૃષ્ટ કોટીનો મૈત્રીભાવ હતો કે વાઘ-બકરી, ઉંદર-બિલાડી, સાપ-નોળિયો શાંતિથી બેસીને દેશના સાંભળે. એક બીજાની પ્રત્યેનો વૈરભાવ ઉછળવાને બદલે મૈત્રીભાવ પ્રગટ થાય.

ગોશાળાએ ભગવાન મહાવીરને હેરાન કરવામાં કંઈ બાકી રાખ્યું ન'તું, પણ છેલ્લે પ્રાયશ્ચિત લઈને તેને સમ્યક્ત્વ પ્રગટ થયું ત્યારે ભગવાને સમવસરણમાં બેસીને તેના ગુણની અનુમોદના કરી. આ છે પ્રમોદભાવ.

ભગવાનનો કરુણાભાવ કેટલો ઉત્કૃષ્ટ હતો, કેવળજ્ઞાન પૂર્વના ત્રીજા ભવમાં જો મારું ચાલે તો જગતના સર્વ જીવોને શાસનરસી બનાવું.

ભગવાનનો માધ્યસ્થભાવ એટલો પરાકાષ્ઠાએ (ઉત્કૃષ્ટ) હતો કે સમવસરણમાં બેઠેલા બધા જીવોના દોષો જાણતા હતા છતાં મૌન રહ્યા. માધ્યસ્થભાવ, મૈત્રી-પ્રમોદ-કરુણા કરતાં કઠીન છે. કારણકે માણસ, માધ્યસ્થભાવ રાખી ઉપેક્ષા કરે છે પણ મૈત્રીભાવ વિકસાવી શકતો નથી, મૈત્રીભાવ હોવો જરૂરી છે.

જેમ જેમ જીવની બુદ્ધિશક્તિ વધે છે તેમ તેમ તર્કશક્તિ પણ વધે છે. એને પરિણામે કેટલીક ખોટી વાતને "સાચી" કરતાં પણ આવડે છે. આને કુતર્ક કહેવાય છે. હોંશિયાર વ્યક્તિ જો પક્ષનું સમર્થન કરવું હોય તો પ્રમાણો દલીલો શોધી કાઢે છે. કુતર્કીએ પોતાનો પક્ષ અથવા પોતે મધ્યસ્થ છે એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન ન કરવો. કુતર્ક તો કાંકરા જેવા છે, અને કાંકરા મારવાની ટેવ તો બાળકો કરતાં હોય છે.

શાંત સરોવરમાં કાંકરો (stone) નાંખીએ તો વમળો ઉત્પન્ન થાય છે. તેમ કુતર્કના કાંકરા નાંખવાથી, મનરૂપી સરોવરમાં તરંગો ઉત્પન્ન થાય છે.

વાદ-વિવાદથી કલહો, કડવાશ, અને વેર-ઝેર વધે છે. જીવની ભવિતવ્યતા ન પાકે ત્યાં સુધી જીવ સમજવાનો નથી અને ગાઢ અનુબંધવાળો (તીવ્ર કર્મ) દ્વેષ બંધાઈ જાય છે, માટે કુતર્કો ત્યજો, અંદરથી મૈત્રી-ભાવ રાખીને, મધ્યસ્થ થાઓ. પોતાના આત્માનું કલ્યાણ ન થાય અથવા હાનિ થાય તો ઉપાલંભ કહેવાય. અંતરાત્મભાવમાં આવીને અનુપાલંભતાને પ્રાપ્ત કરવી જોઈએ

(અન + ઉપાલંભતા)

૧૭ મું માધ્યસ્થ અષ્ટક : શ્લોક - ૨

મનોવત્સો યુક્તિગવીં, મધ્યસ્થસ્યાનુધાવતિ
તામાકર્ષતિ પુચ્છેન, તુચ્છાગ્રહમનઃ કપિઃ ॥૨॥

<u>શબ્દાર્થ</u>: મનોવત્સઃ = મનરૂપી વાછરડો, યુક્તિગવીં = યુક્તિરૂપી ગાયની, મધ્યસ્થસ્ય = મધ્યસ્થ પુરુષનો, અનુધાવતિ = પાછળ દોડે છે, તામ્ = તેને (યુક્તિરૂપી ગાયને), આકર્ષતિ = ખેંચે છે, પુચ્છેન = પૂંછડા વડે, તુચ્છાગ્રહ = તુચ્છ આગ્રહવાળાનો (કદાગ્રહીનો), મનઃકપિઃ = મનરૂપી વાંદરો

<u>શ્લોકાર્થ</u>: મધ્યસ્થ પુરુષનો મનરૂપી વાછરડો યુક્તિરૂપી ગાયની પાછળ દોડે છે. કદાગ્રહી પુરુષનો મનરૂપી વાંદરો તેને (યુક્તિરૂપી ગાયને) પૂંછડા વડે ખેંચે છે.

<u>ભાવાર્થ</u>: પૂ. યશોવિજયજી મહારાજ એક રૂપક દ્વારા સમજાવે છે કે મન વાછરડું છે અને મન વાંદરું પણ છે. મધ્યસ્થ દૃષ્ટિવાળાનું મન વાછરડા જેવું છે અને કદાગ્રહીનું મન વાંદરા જેવું છે. યુક્તિ એટલે તર્કયુક્ત દલીલ ગાય જેવી છે. મધ્યસ્થ દૃષ્ટિવાળા પુરુષનું મનરૂપી વાછરડું, યુક્તિરૂપી ગાયની પાછળ પાછળ જાય છે, એટલે કે તે યુક્તિને જ અનુસરે છે. કદાગ્રહી પુરુષના મનરૂપી વાંદરો યુક્તિરૂપી ગાયના પૂંછડાને પોતાના તરફ ખેંચે છે. એટલે કે યુક્તિનો મારી મચડીને પોતાના પક્ષ તરફ વાળી પોતાના મતનું સમર્થન કરવાનો પ્રયાસ કરે છે.

મધ્યસ્થ માણસનું મન, વાછરડું જેમ ગાયને અનુસરે, તેમ તેનું મનરૂપી વાછરડું યુક્તિરૂપી ગાયને અનુસરે છે. પરન્તુ જેનું મન પોતાના પક્ષનું અત્યંત રાગી છે તેનું મનરૂપી વાંદરું આ જ યુક્તિરૂપી ગાયને પૂંછડેથી પકડીને પાછી ખેંચવા પ્રયત્ન કરે છે અર્થાત્ ગાયની ગતિને અટકાવે છે. કારણકે તેને અનેકાન્તવાદ, ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર આદિ વસ્તુના અનંત સ્વરૂપનું જ્ઞાન નથી.

આગ્રહી માણસ જ્યાં એની મતિ હોય ત્યાં યુક્તિને ખેંચે છે જ્યારે પક્ષપાતરહિત માણસ જ્યાં યુક્તિ હોય ત્યાં મતિને લઈ જાય છે. સમ્યક્ યુક્તિથી પદાર્થનો યથાર્થ બોધ થાય છે. જ્યાં કદાગ્રહ છે ત્યાં મિથ્યાત્વ હોય છે.

શ્લોક- ૨ મરીચિ: હે કપિલ! ધર્મ ત્યાં પણ છે અને અહીં પણ છે. → કાંકરોનાં જ્યાં [illegible]

# ૧૬ મું માધ્યસ્થ અષ્ટક : શ્લોક-3.

નયેષુ સ્વાર્થસત્યેષુ, મોઘેષુ પરચાલને
સમશીલં મનો યસ્ય, સ મધ્યસ્થો મહામુનિ: ||3||

**શબ્દાર્થ:** નયેષુ = નયોમાં, સ્વાર્થસત્યેષુ = પોતપોતાના અભિપ્રાયે સાચા, મોઘેષુ = નિષ્ફળ એવા, પરચાલને = બીજા (નયો)ના વક્તવ્યનું નિરાકરણ કરવામાં, સમશીલં = સમાન ભાવ ધારણ કરનારું, મન: = મન, યસ્ય = જેનું, સ: = તે, મધ્યસ્થ: = મધ્યસ્થ છે, મહામુનિ: = મહામુનિ

**શ્લોકાર્થ:** પોતપોતાના અભિપ્રાયે સાચા અને બીજા નયોના વક્તવ્યનું નિરાકરણ કરવામાં નિષ્ફળ એવા નયોમાં જેનું મન સમાન ભાવ ધારણ કરનારું છે તે મહામુનિ મધ્યસ્થ છે.

**ભાવાર્થ:** નય એટલે એક દૃષ્ટિકોણ, એક પક્ષ, એક અપેક્ષા. કોઈ એમ કહે કે 'હું જ સાચો છું'. તો એક દૃષ્ટિએ તે અવશ્ય સાચા હોઈ શકે છતાં તેઓ જ એકમાત્ર સાચા છે એમ ન કહી શકાય. બીજી દૃષ્ટિએ બીજા પણ સાચા હોઈ શકે છે. સાચા નયવાદી એ કહેવાય કે બીજાના નયમાં રહેલા સત્યના અંશનો પણ સ્વીકાર કરે. મુખ્ય નય સાત છે. નૈગમનય, સંગ્રહનય, વ્યવહાર નય, ઋજુસૂત્ર નય, શબ્દનય, સમભિરૂઢ નય અને એવંભૂતનય. દરેક નય કોઈક દૃષ્ટિકોણ રજુ કરે છે.

"નયેષુ સ્વાર્થસત્યેષુ" → સ્વાર્થ = સ્વ+અર્થ. એટલે બધા નયો પોતપોતાના અર્થમાં સાચા હોય છે, પણ "મોઘેષુ પરચાલને". એટલેકે બીજાના નયની યુક્તિને તપાસવામાં આવે તો નિષ્ફળ અથવા ખોટા જણાય છે. દરેક નયને પ્રતિપક્ષ અથવા વિરોધી પક્ષ હોય છે જેઓ કેવળ નય-પક્ષપાતી છે તેઓ પોતાની વાત જ સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે. તેઓ સિદ્ધાંતના અજ્ઞાની અથવા મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.

મધ્યસ્થ દૃષ્ટિવાળા મુનિ દરેક નયના અભિપ્રાયને સમજે છે અને તે તે અભિપ્રાયથી તેનું વક્તવ્ય સમજે છે. આ રીતે કોઈ પણ નયના વક્તવ્યને મિથ્યા સમજતા નથી.

૧૬ મું અષ્ટક: શ્લોક - ૪

સ્વસ્વકર્મકૃતાવેશાઃ, સ્વસ્વકર્મભુજો નરાઃ
ન રાગં નાપિ ચ દ્વેષં, મધ્યસ્થસ્તેષુ ગચ્છતિ ।।૪।।

<u>શબ્દાર્થ</u>: સ્વસ્વકર્મકૃતાવેશાઃ = પોતપોતાના કર્મનો વશ થયેલા, સ્વસ્વકર્મભુજઃ = પોતપોતાના કર્મનો ભોગવનારા, નરાઃ = મનુષ્યો, ન = નહિ, રાગં = રાગને, ન = નહિ, અપિ ચ = અને, દ્વેષં = દ્વેષનો, મધ્યસ્થઃ = મધ્યસ્થ પુરુષ, તેષુ = તેમાં, ગચ્છતિ = જાય છે.

<u>શ્લોકાર્થ</u>: પોતપોતાના કર્મને વશ થયેલા અને પોતપોતાનાં કર્મના ફળને ભોગવનારા મનુષ્યો છે તેમાં મધ્યસ્થ પુરુષ રાગને અને દ્વેષને પ્રાપ્ત થતો નહિ.

<u>ભાવાર્થ</u>: મધ્યસ્થ વ્યક્તિ એમ વિચારે છે કે સામા માણસની જે સ્થિતિ છે તે તેના કર્મના કારણે છે. મધ્યસ્થ માણસ શરાબીનો શરાબ છોડાવવા માટે ઘણા પ્રયત્ન કરે પણ જો તે શરાબ કાયમ માટે છોડે નહિ તો મધ્યસ્થ વ્યક્તિ એમ સમજે કે આ શરાબી કર્મને વશ છે. માટે રાગ-દ્વેષ કરવાનો અર્થ નથી.

"<u>સવ્વે જીવા કમ્મવસ્સ</u>" — બધા જીવો કર્મને વશ છે. આપણે ઘણીવાર સામાને સલાહ આપતી વખતે મનમાં ગાંઠ વાળીએ છીએ કે સામેની વ્યક્તિએ મારી વાત માનવી જોઈએ. હવે જો સામેનો ન માને તો શું થાય? દ્વેષ ઊભો થાય જ. મધ્યસ્થભાવનો ભંગ ક્યાં થાય? જ્યારે તે આપણું ન માને. તેના પ્રત્યે દ્વેષ કરીએ અથવા તેની નિંદા કરીએ ત્યારે તેનો (મધ્યસ્થભાવનો) ભંગ થાય. મધ્યસ્થનું opposite નિંદા છે.

કોઈ એક નયને પકડીને તેના આગ્રહી બની જનાર જીવો પ્રત્યે આપણે એ વિચારવું કે: તે તેના કર્મના ઉદયનું ફળ ભોગવશે, આપણો ઘણો પ્રયત્ન ત્યાં? તેના કર્મનો ઉદય છે આપણે રાગ-દ્વેષ નહિ કરવા. પાપીમાં પાપી જીવ પ્રત્યે પણ આ જ દૃષ્ટિ રાખવાની છે.

૧૭ મું અષ્ટક: શ્લોક-૫

મન: સ્યાદ્ વ્યાપૃતં યાવત્, પરદોષગુણગ્રહે
કાર્યં વ્યગ્રં વરં તાવત્ મધ્યસ્થેનાત્મભાવને ||૫||

શબ્દાર્થ: મન: = મન; સ્યા = હોય; વ્યાપૃતં = પ્રવર્તેલું; યાવત્ = જ્યાં સુધી; પરદોષગુણગ્રહે = પારકાના દોષ અને ગુણને ગ્રહણ કરવામાં; કાર્યં = કાર્ય; વ્યગ્રં = આસક્ત, મગ્ન; વરં = શ્રેષ્ઠ; તાવત્ = ત્યાં સુધી; મધ્યસ્થેન = મધ્યસ્થ પુરુષે; આત્મભાવને = આત્મધ્યાનમાં

શ્લોકાર્થ: જ્યાં સુધી મન પારકાના દોષ અને ગુણ ગ્રહણ કરવામાં પ્રવર્તેલું હોય ત્યાં સુધી મધ્યસ્થ પુરુષે આત્મધ્યાનમાં (મનને) મગ્ન રાખવું શ્રેષ્ઠ છે.

ભાવાર્થ: સંસારમાં સર્વત્ર અપૂર્ણતા છે એટલે કોઈપણ વ્યક્તિ કે પદાર્થનું મૂલ્યાંકન કરતી વખતે એનામાં રહેલી ત્રુટિઓ, દોષો, અવગુણો દેખાય છે. મન પહેલાં પારકાનાં દોષ અને પછી ગુણની વાત કરવામાં રોકાઈ જાય છે. પરંતુ વિચારવાન માણસે પારકાના ગુણ જોવા જોઈએ અને પોતાનો વિચાર આવે ત્યારે પહેલાં પોતાના દોષ જોવા જોઈએ અને પછી ગુણનો વિચાર કરવો જોઈએ. પારકાના દોષ જોવામાં નિંદાનો ભાવ ન આવવો જોઈએ અને પોતાના ગુણ જોવામાં અહંકારનો ભાવ ન આવવો જોઈએ.

પરંતુ જેઓ મધ્યસ્થતાના ગુણને કેળવવા ઇચ્છે છે તેઓએ તો આત્મસ્વરૂપના ચિંતનમાં પોતાના મનને રોકવું જોઈએ. ચિત્તને પારકાના ગુણદોષના વિચારોમાંથી નિવૃત્ત કરીને સ્વસ્વરૂપમાં સ્થિર કરવા માટે કેટલાક ઉપાય બતાવ્યા છે તે નીચે પ્રમાણે છે:

(૧) અનિત્યાદિ ભાવનાઓનું ચિંતન
(૨) શાસ્ત્રોનું અધ્યયન, ચિંતન, મનન
(૩) ષડ્દ્રવ્ય અને નવતત્ત્વનું ચિંતન
(૪) કર્મના પ્રકારો, કર્મબંધ, કર્મનો ઉદય (વિપાકોદય) વગેરે વિચારવું.
(૫) નય, નિક્ષેપ અને સ્યાદ્વાદના સ્વરૂપનો અભ્યાસ કરવો.
(૬) જ્ઞાની મહાત્માઓનો સત્સમાગમ અને (૭) આત્મચિંતન કરવું.

મન જો તત્ત્વચિંતનમાં, ધ્યાનમાં પરોવાઈ જાય તો પારકાની વાતો કરવાનો એને અવકાશ રહેતો નથી. પછી સમતા, મધ્યસ્થતાના ગુણો ઉઘડવા માંડે છે.

૨૫ મું અષ્ટક: શ્લોક-૫

વિભિન્ના અપિ પન્થાનઃ, સમુદ્રં સરિતામ્ ઇવ
મધ્યસ્થાનાં પરં બ્રહ્મ, પ્રાપ્નુવન્ત્યેકમક્ષયમ્ ||૫||
(પ્રાપ્નુવન્તિ + એકમ્ + અક્ષયં)

શબ્દાર્થ: વિભિન્ના = ભિન્ન ભિન્ન, જુદા જુદા, અપિ = પણ, પન્થાનઃ = માર્ગો, સમુદ્રં = સમુદ્રને, સરિતામ્ = નદીઓના, ઇવ = જેમ, મધ્યસ્થાનાં = મધ્યસ્થોને, પરં = ઉત્કૃષ્ટ, બ્રહ્મ = બ્રહ્મને, પરમાત્મસ્વરૂપને, પ્રાપ્નુવન્તિ = પ્રાપ્ત કરે છે, એકમ્ = એક, અક્ષયં = ક્ષય રહિત

શ્લોકાર્થ: જેમ નદીઓના પ્રવાહો જુદા જુદા હોવા છતાં પણ સમુદ્રને મળે છે તેમ મધ્યસ્થોના (જુદા જુદા માર્ગો) ક્ષયરહિત એક પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ: જુદી જુદી નદીઓ સામાન્ય રીતે પહાડમાંથી નીકળે છે અને સમુદ્રમાં જઈને એની સાથે ભળી જાય છે. સમુદ્રમાં ભળી ગયા પછી એનું જુદું અસ્તિત્વ રહેતું નથી. નદીઓમાં કોઈ નાની, કોઈ મોટી, કોઈ લાંબી, કોઈ ટૂંકી હોય છે અને જુદા જુદા માર્ગોમાંથી વહે છે. ભલે નદીનું ગમે તે સ્વરૂપ હોય, તેનું કાર્ય તો સાગરને મળવાનું છે. સાગર અક્ષય હોય છે.

એવી જ રીતે મધ્યસ્થ દૃષ્ટિવાળા સાધકોનું અંતિમ લક્ષ્ય તો પરમ બ્રહ્મની પ્રાપ્તિ છે, અર્થાત્ પરમ બ્રહ્મમાં લીન થવાનું છે. બધા જ મધ્યસ્થ દૃષ્ટિવાળા એકસરખી કક્ષાના કે એક સરખી દશાના નથી હોતા. બધાની સાધનાપદ્ધતિ પણ ભિન્ન ભિન્ન હોય છે. કોઈ અપુનર્બંધક, કોઈ સમ્યગ્દૃષ્ટિ સાધક અવિરતિવાળા, તો કોઈ દેશવિરતિવાળા તો કોઈ સર્વવિરતિવાળા હોય છે. કોઈ જિનકલ્પી તો કોઈ સ્થવિરકલ્પી હોય છે. તેઓ મધ્યસ્થ દૃષ્ટિવાળા હોવાથી તેમનામાં સમભાવ હોય છે અને તેમની રાગદ્વેષની પરિણતિ ક્રમે ક્રમે ઘટતી જઈને નિર્મૂળ થઈ જાય છે. તેમના કર્મો ધીમે ધીમે ક્ષીણ થવા લાગે છે. અંતે બધા પોતપોતાના સમયે સર્વ કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, સિદ્ધ દશા પ્રાપ્ત કરે છે, એટલે કે પરમ બ્રહ્મમાં ભળી જાય છે. મધ્યસ્થ દૃષ્ટિની ભિન્ન ભિન્ન નદીઓ, કેવળજ્ઞાનના મહાસાગરમાં જઈને મળે છે અને તો કેવળજ્ઞાનસ્વરૂપ બની જાય છે.

સ્વાગમં રાગમાત્રેણ, દ્વેષમાત્રાન્ન પરાગમમ્
ન શ્રયામસ્ત્યજામો વા, કિન્તુ મધ્યસ્થયા દૃશા ॥૭॥
(શ્રયામ: + ત્યજામ:)

<u>શબ્દાર્થ</u>: સ્વાગમં = પોતાના શાસ્ત્રને, પોતાના આગમને, રાગમાત્રેણ = માત્ર રાગથી, દ્વેષમાત્રાત્ = માત્ર દ્વેષથી, પરાગમમ્ = પરનાં શાસ્ત્રને, ન = નહિ, શ્રયામ: = સ્વીકારતા, ત્યજામ: = ત્યાગ કરતા, વા = અથવા, અને, કિન્તુ = પરંતુ, મધ્યસ્થયા = મધ્યસ્થ, દૃશા = દૃષ્ટિથી.

<u>શ્લોકાર્થ</u>: અમે પોતાનાં શાસ્ત્રને માત્ર રાગથી સ્વીકાર કરતા નથી અને પરનાં શાસ્ત્રને માત્ર દ્વેષથી ત્યાગ કરતા નથી, પરંતુ મધ્યસ્થ દૃષ્ટિથી <u>તેમ</u> કરીએ છીએ.
(સ્વીકાર અને ત્યાગ કરીએ છીએ)

<u>ભાવાર્થ</u>: જેઓ મધ્યસ્થ દૃષ્ટિવાળા હોય છે તેમની કસોટી પોતાનાં અને પારકાં વચ્ચે ન્યાય આપવાનો હોય ત્યારે થાય છે. <u>પોતાનાં શાસ્ત્રો પ્રત્યે પક્ષપાત</u> થાય અને <u>અન્ય શાસ્ત્રોની અવગણના થાય તો તેઓ મધ્યસ્થ કહેવાય નહિ</u>. મધ્યસ્થ દૃષ્ટિ મહાત્મા કોઈ વસ્તુનો સ્વીકાર કે પક્ષ રાગના કારણે કરતાં નથી <u>પણ તેમાં રહેલા ગુણોને કારણે કરે</u> છે. તેવી જ રીતે તેઓ અકારણ અસ્વીકાર કે દ્વેષ કરતાં નથી પણ તેમાં રહેલા <u>દોષોને</u> કારણે અથવા ગુણોની ન્યૂનતાને (defects) કારણે તેમ કરે છે.
"ગણધર ભગવંતોએ રચેલાં શાસ્ત્રો અમારી પરંપરામાં સર્વ પૂર્વાચાર્યોએ માન્ય કર્યા છે, એટલે અમારે માન્ય રાખવા જોઈએ" એમ <u>મધ્યસ્થ દૃષ્ટિ મહાત્મા કહેતા</u> નથી. તેઓ આગમોનો સ્વીકાર કરે છે તે અનુરાગને કારણે નહિ પણ <u>તેમાં રહેલા ગુણોને કારણે કરે</u> છે. તેવી જ રીતે પારકાં શાસ્ત્રગ્રંથોનો અસ્વીકાર, તેઓ પારકા છે માટે નહિ કરતાં, પણ <u>તેમાં રહેલી ત્રુટિઓના કારણે કરે</u> છે.
રાગથી સ્વીકાર્યું હોય અને દ્વેષભાવથી ત્યજ્યું હોય તો સારું નહિ, પ્રશંસનીય નહિ કારણ કે દૃષ્ટિ જ દોષભરેલી છે. પરંતુ <u>મધ્યસ્થ દૃષ્ટિથી</u> પરીક્ષા કરતાં જો યથાર્થ લાગ્યું તો સ્વીકાર્યું અને જો અયથાર્થ લાગ્યું તો છોડી દીધું છે તેથી ઉચિત જ કર્યું કહેવાય. આ રીતે ગ્રંથકાર "બીજા શાસ્ત્રોને ન સ્વીકારવા તે શું રાગ-દ્વેષ નથી?" તેનો સુંદર જવાબ ઉપર સમજાવ્યા પ્રમાણે આપે છે.

૧૭ મું અષ્ટક: શ્લોક-૬ (સર્વેષુ + અપુનર્બન્ધકાદિષુ)

મધ્યસ્થયા દૃશા સર્વેષ્વપુનર્બન્ધકાદિષુ
ચારિસંજીવિનીચાર, ન્યાયાદાશાસ્મહે હિતમ્ ||૬||

<u>શબ્દાર્થ</u>: મધ્યસ્થયા દૃશા = મધ્યસ્થ દૃષ્ટિ વડે, સર્વેષ્વપુનર્બન્ધકાદિષુ = સર્વેષુ + અપુનર્બન્ધકાદિષુ = સર્વેષુ = બધા (જીવો)માં, અપુનર્બન્ધકાદિષુ = અપુનર્બંધક વગેરે; ચારિસંજીવિનીચાર ન્યાયાત્ = ચારોસંજીવની — ચારો ચરાવવાના દૃષ્ટાંતથી (ન્યાયથી); આશાસ્મહે = આશા રાખીએ છીએ; હિતમ્ = કલ્યાણ

<u>શ્લોકાર્થ</u>: અમે અપુનર્બંધક વગેરે (જીવોમાં) મધ્યસ્થ દૃષ્ટિ વડે સંજીવનીનો ચારો ચરાવવાના (ન્યાયના) દૃષ્ટાંતથી કલ્યાણ ઇચ્છીએ છીએ.

<u>ભાવાર્થ</u>: આ શ્લોકમાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે સંસારી જીવો ઉપર મધ્યસ્થ દૃષ્ટિ દ્વારા અમે હિતની (કલ્યાણની) આશા રાખીએ છીએ. કોઈ જીવો મૈત્રી ભાવનાને યોગ્ય હોય છે. કોઈ જીવો પ્રમોદ ભાવના, કોઈ કરુણાભાવના અને કોઈ મધ્યસ્થભાવનાને યોગ્ય હોય છે. તેઓ કહે છે કે 'અપુનર્બંધક જીવો, માર્ગાભિમુખ જીવો, માર્ગપતિત તથા અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ જીવો માટે મધ્યસ્થ દૃષ્ટિથી, ચારિસંજીવની ન્યાયથી અમે હિત ઇચ્છીએ છીએ.

<u>શંકા</u>: અપુનર્બંધક ભાવ કોને કહેવાય?

<u>સમાધાન</u>: જે તીવ્ર ભાવે પાપ કરતો નથી, શુક્લપક્ષના ચંદ્રની જેમ વૃદ્ધિ પામતા ગુણોવાળો હોય તે સાધક અપુનર્બંધક કહેવાય છે. તેનો સંસાર હવે એક પુદ્ગલ પરાવર્તથી અધિક ન હોય. અપુનર્બંધકાદિ જીવો પહેલા ગુણસ્થાનકે રહેલા છે, તત્ત્વથી મોક્ષમાર્ગને જાણતા નથી તો પણ વિમલ — સાધી શકે છે.

<u>શંકા</u>: માર્ગાભિમુખ એટલે શું?

<u>સમાધાન</u>: માર્ગાભિમુખ એટલે મોક્ષમાર્ગ પ્રત્યે સન્મુખ થયેલો તથા માર્ગમાં પ્રવેશ કરવા માટે યોગ્ય ભાવ પ્રાપ્ત કરનાર

<u>શંકા</u>: માર્ગપતિત કોને કહેવાય?

<u>સમાધાન</u>: માર્ગપતિત એટલે મોક્ષમાર્ગને પ્રાપ્ત થયેલો, અથવા મોક્ષ માર્ગે આવી ચઢેલો.

<u>શંકા</u>: "ચારિસંજીવની ન્યાય" એટલે શું?

<u>સમાધાન</u>: એ સંસ્કૃત ભાષાનો એક ન્યાય છે. સંસ્કૃત ભાષામાં આવા ઘણા ન્યાય છે, જેમ કે "<u>અંધપંગુ ન્યાય</u>", "નદી-ગોળ-પાષાણ ન્યાય", ન્યાય એટલે નિયમ કે સિદ્ધાંત સમજાવવા માટેનું સંક્ષિપ્ત, સચોટ ઉદાહરણ.

ચારિસંજીવની ન્યાયમાં સંજીવનીનો ચારો ચરાવવાના દૃષ્ટાંત પ્રમાણે સમજવું. 'જ્ઞાનસાર' પુસ્તકમાં P-183-184 માં આ કથા છે, તે વાંચવી અથવા Video #35 જોઈ લેવો.

<u>શંકા</u>: ચારિસંજીવની ન્યાયનું દૃષ્ટાંત અને મધ્યસ્થભાવ સાથે શું સંબંધ છે?

<u>સમાધાન</u>: શ્લોકમાં લખ્યું છે "સર્વેષુ + અપુનર્બંધકાદિષુ" એટલે કે કોઈપણ જીવ અપુનર્બંધક હોય, માર્ગાભિમુખ હોય, માર્ગપતિત હોય (આ ત્રણે પ્રકારના જીવો પહેલા ગુણસ્થાને રહેલા છે અને આગળ વધુ વિકાસ કરે છે), અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય, દેશવિરતિ હોય કે સર્વવિરતિ સાધુ હોય, આ બધા જીવોને જો <u>સમભાવની જડીબુટ્ટી</u> ચરાવવામાં આવે તો પર<u>ભાવની પરિણતિની પશુતા</u> <u>દૂર</u> થાય અને <u>સ્વરૂપના જ્ઞાનમાં પ્રકાશવાળો</u> થાય.

"ચારિસંજીવની ન્યાય" ની કથામાં જેમ સંજીવની નો ચારો બળદને ચરાવ્યો અને પોતાના original સ્વરૂપમાં એટલે કે બળદ ^ પુરુષ થઈ ગયો.... તેમ "<u>સમભાવ</u>" (મધ્યસ્થભાવ) રૂપી ચારો ચરાવવાથી <u>સ્વ સ્વરૂપમાં</u> <u>જીવ આવી શકે છે.</u>